ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૭૦ ટકા

# શહેરમાં વટ સાવિત્રી વ્રતની ઉજવણી

**પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે સવારથી જ વટ સાવિત્રી વ્રતની પૂજા અર્ચના માટે મહિલાઓનો ધસારો : પતિ પરમેશ્વર અને પરિવારના સભ્યોની સુખ સમૃદ્ધિ તથા લાંબા આયુષ્ય માટે પરિણિત મહિલાઓએ કર્યું વટ સાવિત્રીનું વ્રત**





ગાંધીનગર, તા.૧૪

પતિના લાંબા આયુષ્ય અને પરિવરની સુખ સમૃદ્ધિ માટે ગઈ કાલે ગાંધીનગરમાં સુહાગનોએ વટ સાવિત્રીનું વ્રત રાખ્યું હતું. જેમાં વટવૃક્ષની નીચે પૂજન કરીને પોતાના પતિનાં જીવનની રક્ષા અને પરિવારના તમામ સદસ્યોના સુખ, સમૃદ્ધિ અને યશ વૈભવની કામના કરી હતી. શહેરમાં પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે મોટી સંખ્યામાં સુહાગનોએ વટવૃક્ષ નીચે શ્રધ્ધાપૂર્વક પૂજા કરી હતી. મંદિર ખાતે ઘણી મહિલાઓએ વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરી હતી. જેમાં પાંચ વર્ષ જેટલો સમય તથા આ વ્રતની ઉજવણીની પૂજા નીલકંઠ શાસ્ત્રીજી દ્વારા કરાવવામાં આવી હતી. પંચદેવ મંદિર ખાતે સવારથી જ વટ સાવિત્રી વ્રત નિમિત્તે ભીડનો માહોલ રહ્યો હતો. પરિણીત મહિલાઓએ સુંદર રીતે સાજ શણગાર કરીને મંદિરમાં પૂજાની થાળી લઈને પતિના લાંબા આયુષ્ય માટેની પૂજા કરી હતી.





● હું મારા લગ્ન થયા ત્યારથી દર વર્ષે વટ સાવિત્રી વ્રત કરું છું પોતાના પરિવારના લાંબા આયુષ્યની પ્રાર્થના અને પૂજા કરું છું. સાથે સાથે પરિવારના તમામ સભ્યોના સુખી જીવનની પણ પ્રાર્થના કરું છું.

- સોનલબા વાઘેલા

● અમારો પતિ-પત્નિનો સાથ છૂટે નહીં બંને એકબીજા સાથે રહીએ, સુરક્ષિત રહીએ, સ્વસ્થ જીવન જીવી શકીએ તે માટે વટસાવિત્રી વ્રત કરું છું.

- અંકિતા સોનારા

● સારું સૌભાગ્ય મેળવવા અને પરિવારમાં સુખ સમૃદ્ધિ જળવાઈ રહે તે માટે વટ સાવિત્રી વ્રત કરું છું. પતિ પરમેશ્વરના લાંબા આયુષ્ય માટે દર વર્ષે ભગવાનને પ્રાર્થના કરું છું.

- કિસ્મતબા

### ● વટવૃક્ષની પૂજા કેમ કરાય છે? ●

વટ એ વિશાળતાનું પ્રતિક છે. જે સંયુકત પરિવારને પ્રદર્શિત કરે છે. આ વૃક્ષમાં ત્રિદેવ એટલે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો વાસ થાય છે. એટલા માટે જ આ વૃક્ષને દેવ વૃક્ષ પણ કહેવામાં આવે છે. આ જ કારણ છે કે સૌથી વિશાળ અને છાયાદાર વૃક્ષોમાં વટવૃક્ષ સામેલ છે. જયેષ્ઠ મહિનાના તડકામાં મહિલાઓ કયા પ્રકારે પૂજન કરી શકે એટલા માટે જ આ વૃક્ષને પસંદ કરવામાં આવ્યુ છે. સાવિત્રીના પતિ સત્યવાને જે વૃક્ષ નીચે પોતાના જીવનો ત્યાગ કર્યો હતો તે પણ વટવૃક્ષ જ હતું.

### ● વટવૃક્ષની ફરતે કેમ સૂતર વીંટવામાં આવે છે ? ●

સર્જનના સૂત્રનો સંકેત છે. પોતાના જીવનની દોર પતિ સાથે અકબંધ રહે પતિ સાથે સુખ પ્રાપ્ત થાય તેના માટે વટવૃક્ષની ફરતે સુતરને બાંધવામાં આવે છે. બીજું જ્ઞાન પણ સૂત્ર કહેવાય છે. જ્ઞાનના સૂત્રની પણ પ્રેરણા મળે છે. સૂતર વીંટવાથી ૧૦૮ પ્રતિજ્ઞા પણ થાય અને સૂતર વીંટતા વીટંતા પોતાને સતત ખ્યાલ રહે છે કે મારે મારા જીવનમાં કેવું જીવનસૂત્ર જોઈએ છે આ જીવનરૂપી સૂત્ર કોના હાથમાં છે. સ્ત્રીના હાથમાં જ છે. મહાભારતમાં યુધિષ્ઠરે ભિષ્મ પિતામહને પ્રશ્ન પૂછયો કે ‘ઘર કોને કહેવાય’ ત્યારે ભિષ્મપિતામહે કહ્યું કે ‘ન ગૃહમ ગ્રહમ ઈતિયાહ ગૃહિણી ગૃહમ ઊચ્યતે’ ઘર સિમેન્ટ કે પથ્થરથી નથી બનતું પરંતુ ઘરની અંદર ગૃહિણી હોય તો જ તે ઘર કહેવાય છે. જીવનમાં મુખ્ય સૂત્રધાર એ સ્ત્રી છે એના સંકેતમાં જ સૂતર વીંટવામાં આવે છે.

- પ.પૂ.ફૂલશંકર શાસ્ત્રીજી, શ્રી પચદેવ મંદિરના ધર્માચાર્ય

# સ્વામિનારાયણ પોલિટેકનીક કોલેજ ખાતે સ્પોર્ટસ એકિટવિટીનું આયોજન



ગાંધીનગર, તા.૧૪

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક કોલેજ, સેક્ટર-૨૨, ગાંધીનગર દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓના શિક્ષણની સાથે સાથે સર્વાંગી વિકાસને અંતર્ગત ઘણી બધી સાંસ્કૃતિક તેમજ રમત ગમત ને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેના ભાગરૂપે આ વર્ષે શ્રી સ્વામિનારાયણ ઈન્ટર કોલેજ ચેમ્પિયનશિપ અંતર્ગત બોક્સ ક્રિકેટ, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, બેડમિંટન તેમજ ઘણી બધી સ્પોર્ટ્સ એક્ટિવિટીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના તમામ બ્રાન્ચના વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં બધી જ રમતમાં ભાગ લેવામાં આવ્યો હતો. તે અનુસંધાને જે વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો જે તે રમત-ગમતમાં વિજેતા થયા હતા, તેઓને સંસ્થા દ્વારા તારીખ ૧૪ જૂન ૨૦૨૨ના રોજ સંસ્થાના ડાયરેક્ટર તેમજ સંસ્થાની વિવિધ બ્રાન્ચના સ્ટાફ મેમ્બર ની હાજરીમાં મેડલ અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



પેથાપુર ખાતે વટ સાવિત્રી વ્રતની પૂજા કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ વટ સાવિત્રી વ્રતની પૂજામાં ભાગ લીધો હતો.

# શહેરમાં બાળકોને રમવાના સાધનોની દયનીય હાલત..!!

**ધોમધખતા તડકાંમાં સાધનોનું પ્લાસ્ટિક ખરાબ થઈને તુટી ગયું : કેટલાંક સાધનોની બેરીંગો તુટી ગઈ તો કેટલાંક સાધનો જ સમુળગા તુટી ગયાં : યોગ્ય ગુણવત્તા અને નિયમિત મેન્ટેનન્સના અભાવને કારણ સાધનો બાળકો માટે જોખમી બન્યાં : વેકેશનના સમયમાં પણ બાળકો ઉપયોગ કરી શક્યાં નહીં**



ગાંધીનગર, તા.૧૪

શહેરમાં વિવિધ વોર્ડમાં અગાઉના નગરસેવકોની ગ્રાન્ટમાંથી બાળકોને રમવાના જે સાધનો લગાડવામાં આવ્યાં હતાં તે નબળી ગુણવત્તાવાળા સાધનો હોવાથી તેની અત્યારે દયનીય હાલત થઈ જવા પામી છે. ઉનાળામાં આકાશમાંથી વરસેલાં ધોમધખતા તડકાંમાં તપીને બાળકોને રમવાના સાધનોનું પ્લાસ્ટિક ખરાબ થઈને તુટી જવા પામ્યું છે, સાધનોની બેરીંગો તુટી ગઈ છે અને કેટલાંક સાધનો તો સાવ તુટી ગયાં છે. યોગ્ય ગુણવત્તા અને નિયમિત મેન્ટેનન્સના અભાવને કારણે આ સાધનો બાળકો માટે જોખમી બની ગયાં છે અને બાળકોને જેનાથી રમવાની આદત પડી હતી તે રમવાના સાધનોનો વેકેશનના સમયમાં પણ બાળકો ઉપયોગ કરી શક્યાં નથી.

નાનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે શારીરિક રમત ગમત એ ખૂબ જ અગત્યનું પરિબળ ગણાય છે પરંતુ જો બાળક રમવા જશે તો ઈજાગ્રસ્ત થશે તેવી સ્થિતિ જોવા સર્જાવા પામી છે. શહેરમાં અગાઉના નગરસેવકોની ગ્રાન્ટમાંથી તેમના વોર્ડમાં વિવિધ સેક્ટરોમાં નાના ભૂલકાંઓ માટે રમવા માટે મૂકવામાં આવ્યાં હતાં તે રમતગમતનાં સાધનો જેવા કે હિંચકા, લપસણી ઊંચક-નીચક વગેરે અત્યારે બાળકોને આનંદિત કરવાને બદલે ઈજાગ્રસ્ત કરી હૉસ્પિટલ ભેગા કરે તેવી હાલતમાં જોવા મળી રહ્યાં છે. નાના ભૂલકાંઓ માટે તેમની રમત દરમ્યાન તેમની સલામતી જળવાય અને તેમને કોઈ ઈજા ના થાય તે માટે તેમના માબાપ સતત ચિંતિત હોય છે. પોતાના ઘરની આસપાસમાં બાળકો હીંચકા, લપસણી, ઊંચક-નીચક વગેરે જોઈને રમવાની જીદ કરતાં હોય ત્યારે આ સાધનોના નટ-બોલ્ટ પણ નીકળી ગયેલા હોય અને લપસણીનું પ્લાસ્ટિક તડકાંમાં તપીને નબળું પડી ફાટી ગયું હોય કે ચકરડીની બેરીંગ જ તુટી ગઈ હોય તેવા સાધનોમાં માબાપનો જીવ બાળકને રમવા દેવા માટે કેવી રીતે ચાલી શકે? પ્રજાના પરસેવાની કમાણીમાંથી ખરીદીને લગાડાયેલાં આ સાધનોની ગુણવત્તા બાબતે તો સવાલ પેદા થાય જ છે પરંતુ તેના મેન્ટેનન્સ બાબતે પણ ભરપૂર લાલિયાવાડી ચલાવાઈ રહી છે તે પણ ઉડીને આંખે વળગે છે.



## સિધ્ધાર્થ લો કોલેજના કર્મચારી જયસિંહ પરમાર સેવા નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગરના કર્મચારી જયસિંહભાઈ પરમાર ૧૪ જૂને વયમર્યાદાના કારણે સેવા નિવૃત્ત થયા છે. તેમનો વિદાય સમારંભ કોલેજ ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ટ્રસ્ટી જે.વી. ભૈરવિયા, આચાર્ય ડૉ. દિલીપ એ.મેવાડા તથા તમામ સ્ટાફગણે હાજર રહીને તેમને વિદાય આપી હતી અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

# ગેઝિયા ખાતે વિશ્વ રકતદાતા દિવસ નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન




ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર ઈલેકટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે વિશ્વ રકતદાતા દિવસ નિમિત્તે રકતદાન શિબિરનું આયોજન થયું હતું. એસોસિએશનના પ્રમુખ તથા અન્ય હોદ્દેદારોએ સૌ દાતાઓનું ફુલની પાંખડીથી સન્માન કર્યું હતું.

બ્લડ બેંક સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે યોજાયેલા આ રકતદાન શિબિરમાં દાતાઓએ મોટી સંખ્યામાં હાજર રહી રકતદાન કર્યું હતું. આ શિબિરમાં ગાંધીનગર રેડક્રોસ સોસાયટીના મહાનુભાવોએ હાજર રહીને સર્વે રકતદાતાઓને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા અર્પી હતી. સુકેતુભાઈએ ૧૪૯મી વખત રકતદાન કર્યું હતું. તેમનું ફુલોના હાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

## કડવા પાટીદાર સમાજની વાર્ષિક સામાન્ય સભા ૩ જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરની ૪૨મી વાર્ષિક સામાન્ય સભા ૩ જુલાઈને રવિવારે સવારે ૯.૩૦ કલાકે ઉમિયા સમાજ ભવન હોલ, સેકટર-૧૨ ખાતે મળશે. જેમાં સમાજના તમામ સભ્યો, કારોબારી સભ્યો, ટ્રસ્ટીઓ અને દાતાઓને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ચૌહાણ દિનેશચંદ્ર ધુડાલાલ,** ઉ.વ. ૬૨, પેથાપુર
- **સ્વ. ઠાકોર કાંતીભાઈ મંગાજી,** ઉ.વ. ૫૨, પાલજ
- **સ્વ. વાઘરી માધાભાઈ પુંજાભાઈ,** ઉ.વ. ૬૫, નવાપરા, નારદીપુર
- **સ્વ. રાઠોડ મહેશ સોમાભાઈ,** ઉ.વ. ૪૮, સેકટર-૨૩

# આજે વિશ્વ વડીલ દુર્વ્યવહાર જાગૃતિ દિવસ

**આ વર્ષની થીમ : ‘તમામ ઉંમરના માટે ડિજીટલ ઈકિવટી’ : ૪ થી ૬ ટકા વડીલો અમુક પ્રકારના દુર્વ્યવહારથી પીડાય છે જેમાંથી મોટાભાગના જાણ કરતા નથી**

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતીમાં કહેવત છે કે ‘ઘરડા ગાડા વાળે’ પણ વડીલો સાથે થતા દુર્વ્યવહારના ઘણા કેસ અવારનવાર સામે આવતા હોય છે. જેથી દર વર્ષે ૧૫ જૂનના રોજ સીનીયર સિટીઝન સાથે થતા દુર્વ્યવહાર બાબતે નાગરિકોને શિક્ષિત કરવાના હેતુથી વિશ્વ દુર્વ્યવહાર જાગૃકતા દિવસ મનાવવામાં આવે છે. વડીલો સાથે દુર્વ્યવહાર એક એવી વસ્તુ છે જે દરેક સમાજમાં હાજર રહી છે પરંતુ કયારેય સ્વીકારવામાં આવી નથી. તે ખરેખર શરમજનક છે કે વડીલોના દુર્વ્યવહાર વિશે જાગૃતિ લાવવા માટે એક દિવસ નિયુકત કરવો પડે છે. વિશેષજ્ઞોના મત મુજબ વડીલો સાથે દુર્વ્યવહાર ઘણી પ્રકારના હોય છે. જેમાં



પારિવારિક સભ્યો દ્વારા શારીરિક, મૌખિક, યૌન, નાણાંકીય અને ઉપેક્ષા કરવા જેવા ગેરવર્તનનો સમાવેશ થાય છે. ઈન્ટરનેશનલ નેટવર્ક ફોર પ્રીવેન્શન ઓફ એલ્ડર એબ્યુઝ એ વિશ્વ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડેની સ્થાપના કરી હતી.

૨૦૦૬ થી ૧૫ જૂનના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે. આ સામાજિક મુદ્દો છે. જે વડીલોના સ્વાસ્થ્યને અસર કરવાની સાથે લાખો વયસ્કોના ગૌરવને પણ હણે છે.

વિશ્વ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડેની ૨૦૨૨ની થીમ ‘તમામ ઉંમરના માટે ડિજીટલ ઈકિવટી છે.’ આ દિવસ નગરિકોને મૌખિક, શારિરીક અથવા ભાવનાત્મક રીતે વડીલોને થતા અન્યાય વિશે શિક્ષિત કરવા માટે સમર્પિત છે ઘણા સમાજોમાં વડીલોનું સન્માન કરવામાં આવે છે અને તે યોગ્ય છે. તેમના જીવનના અનુભવો, સ્મૃતિઓ અને પરિપ્રેક્ષ્પો તેઓ નાના માણસોને શીખવી શકે તેવા પાઠ માટે કિંમતી છે અને જો વડીલોને તેમના જીવન દરમિયાન મેળવેલા જ્ઞાન અને કૌશલ્યોને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરવામાં ન આવે તો સમગ્ર સંસ્કૃતિને નુકશાન થશે. સંશોધન સૂચવે છે કે ૪ થી ૬ ટકા વડીલો અમુક પ્રકારના દુર્વ્યવહારથી પીડાય છે. જેમાંથી મોટાભાગની જાણ કરવામાં આવતી નથી. આ દિવસ એ સુનિશ્ચિત કરવાનો છે કે આપણે આપણા વડીલો પર ધ્યાન કેન્દ્રીત કરીએ તે સુનિશ્ચિત કરીએ કે તેઓ ઉચ્ચ ગુણવત્તા અને ગૌરવનું જીવન જીવે.

## જન્મદિને વધામણી



મહેશ મોડ
મો. ૯૮૯૮૮ ૩૨૨૨૨



મહેશકુમાર એમ જાની
મો. ૯૮૭૯૪ ૮૪૪૫૬



સંજય બી પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧



પ્રતિક પ્રવીણભાઈ પ્રણામી
મો. ૯૮૨૪૫ ૭૬૦૭૮



ડો. એકતાબેન પટેલ
મો. ૮૧૪૧૪ ૪૭૪૭૪
રેડક્રોસ સોસાયટી



ક્રિપાલસિંહ રાણા
મો. ૯૯૦૪૦ ૬૩૨૧૧
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



હિરલ પંકજકુમાર બ્રહ્મભટ્ટ



મનન કેયુરકુમાર જયસ્વાલ



ઉલ્લાસબા મનહરસિંહ વાઘેલા



યશ પટેલ